જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૯/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪૧/૧૬

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી ૮૬ લીટર દેશી દારૂ, ૪૬ બોટલ અને ૧૨ પેટી ઈંગ્લીશ દારૂ, ૩૭૧ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૨૦ બિયરટીન, ૧૦૮ બિયર બોટલ, ૦૧ એક્ટીવા અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.**

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૩ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણ/બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૪૩/૧૬

**સરદારનગર : સરદારનગર વિસ્તારમાં રહેતી તરૂણીની માતાએ** તા.૭/૯/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ત્રણ માસ પહેલાં રાત્રીનાં આઠેક વાગ્યાના સુમારે તેમજ બે માસ પહેલાં આરોપી રોહિત (રહે.મેઘાણીનગર) એ તરૂણીને લલચાવી ફોસલાવી ભગાડી લઇ જઇ, વસ્ત્રાલ કારખાનામાં તેમજ રોહિતનાં ઘરે અને હોટલમાં લઇ જઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૪૪/૧૬

**વટવા : સાદીસ્તાબીબી જુમ્માભાઇ શેખ** (રહે.મીંચડીપીર દરગાહની અંદર, માંડવીવાળા વાસની સામે, વટવા ગામ) એ તા.૭/૯/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૯/૧૬ સાંજનાં ૪/૦૦ વાગ્યાના સુમારે વટવા અલ્લાહમીયાની મસ્જીદની સામેથી પોતાની પુત્રી સીમરન (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**એલીસબ્રીજ** : રામપાલ મિશરીલાલ યાદવ (રહે,ક્રિષ્ના પાન પાર્લર પાસે, પાવાપુરી બસ સ્ટેન્ડ પાસે, ઘાટલોડીયા) એ તા.૭/૯/૧૬ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૮/૧૬ ના કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે એલીસબ્રીજ આંબાવાડી વાલકેશ્વર સોસાયટી મકાન નંબર ૩૨ નજીકથી પોતાના નાના ભાઇ રાહુલ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૬૪૫/૧૬**

**નિકોલ** : પરીમલભાઇ મુકુંદભાઇ લક્ષ (નોકરી: મેનેજર,આઇ.સી.આઇ.સી.આઇ.બેંક, બાપુનગર શાખા) (રહે. સુકુતિ ફ્લેટ, માણેકબાગ, આંબાવાડી) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૯/૧૬ બપોરનાં ૨/૧૫ વાગ્યાના સુમારે સરદાર પટેલ મોલમાં આવેલ આઇ.સી.આઇ.સી.આઇ. ની બાપુનગર શાખાની બેંકમાં આરોપી જનકભાઇ દેવસીભાઇ પટેલ (રહે.આકાંક્ષા ટેનામેન્ટ, ન્યુ ઇન્ડીયા કોલોની, બાપુનગર) આવી, મુંબઇ નરીમાન પોઇન્ટ ખાતેની બેંકનો જયસ્વાલ નેકો ઇન્ડ્સ્ટ્રીયલ લીમીટેડ નો રૂપિયા ૩,૫૦,૦૦,૦૦૦/- નો બનાવટી અને ખોટો ચેક પોતાનાં એકાઉન્ટમાં જમા કરાવવા સારૂ આવતાં તા.૭/૯/૧૬ સાંજનાં ૫/૦૦ વાગે તેને પકડી અટક કરવામાં આવ્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૪૬/૧૬**

**ગુજરાત યુનિવર્સીટી** : કેતનભાઇ વિનુભાઇ ગઢીયા (રહે.વિજય એપાર્ટમેન્ટ, વિજય ચાર રસ્તા, નવરંગપુરા) એ તા.૭/૯/૧૬ નાં રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૮/૧૬ નાં રોજ નવરંગપુરા વિજય ચાર રસ્તા, રાજા કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની ઓફીસમાંથી લેપટોપ નંગ-૬ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૬૪૭/૧૬**

**રીવરફ્રન્ટ વેસ્ટ** : **ભુપેન્દ્રભાઇ ડાહ્યાભાઇ રાઠોડ** (ઉ.વ.૩૬)(રહે.શેઠ કોઠાવાલાની ચાલી, રાજપુર, ગોમતીપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૭/૯/૧૬ બપોરનાં ૪/૦૦ વાગ્યા પહેલાં સરદારબ્રીજ નીચે સાબરમતી રીવરફ્રન્ટ નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)